## કબીરવડ, તીર્થસ્થાનો માટે 52 કરોડની યોજના

# નર્મદા પરિક્રમા માટે ૮ કરોડના ખર્ચે નદીકાંઠે નવી જેટી બનાવાશે




(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર,તા.૬

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ હોડીમાં બેસી નર્મદાની પરિક્રમા કરતાં યાત્રિકોની સુવિધા માટે નવી જેટી બનાવવાની જાહેરાતક કરી છે. રૂ.૮ કરોડના ખર્ચે આ જેટી ગુજરાત મેરીટાઈમ બોર્ડ બનાવશે, જેનું કામ એક વર્ષમાં પુરું થશે તેમ ઉલ્લેખતાં તેમણે મંગળારે નર્મદા નદી કાંઠે મંગળવારે જેટીનું ભૂમિપૂજન કર્યું હતું. તેમણે નર્મદા કાંઠે કબીરવડ-શુકલતીર્થ સહિતના તીર્થક્ષેત્રોનો સર્વગ્રાહી વિકાસ કરવા રૂ.૫૨ કરોડની પ્રવાસન વિકાસ યોજના જાહેર કરી હતી અને જણાવ્યું હતું કે, ભરૂચના નગરજનોને પીવાનું મીઠું પાણી પુરું પાડનારી રૂ.૩૦૦૦ કરોડની ભાડભૂત યોજનાનો આરંભ નજીકના ભવિષ્યમાં થશે. તેમણે ૫૯૭ કરોડની દહેજ-ઘોઘા રો-રો ફેરી સર્વિસ અંગે કહ્યું કે આ ફેરી સર્વિસ શરૂ થતાં સુરત-ભાવનગર વચ્ચેનું અંતર ઘટશે.